Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુસ્તક ૩૫ મું
સં. ૨૦૫૩
આષાઢ

અંક ૧૦ મો
સન ૧૯૯૭
જુલાઈ

# પથિક

[ઇતિહાસ-પુરાતત્ત્વનું એક માત્ર ગુજરાતી માસિક]

આદ્ય તંત્રી : સ્વ. માનસંગજી બારડ
તંત્રી-મંડળ : ડૉ. નાગજીભાઈ કે. ભટ્ટી, ડૉ. ભારતીબહેન કી. શેલત
પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ (સંપાદક)

## ભાવાંજલિ

છ માસના ગાળામાં ગુજરાતે ગુજરાતના પુરાતત્ત્વક્ષેત્રે સ્વ. ડૉ. હસમુખ સાંકળિયા પછી તરત જ સ્થાન મેળવનારા આરૂઢ પુરાતત્ત્વવિદ પ્રો., ડૉ. રમણલાલ નાગરજી મહેતા અને કચ્છની સંસ્કૃતિ-સભ્યતાના એક ગણ્ય કોટિના વિદ્વાન શ્રી રામસિંહજી રાઠોડ, એ બેઉનાં અનુક્રમે તા. ૨૨-૧-૯૭ અને તા. ૨૧-૬-૯૭ ના દિવસોમાં થયેલા અવસાન તરફ અમે ઘેરા શોકની લાગણી અનુભવિયે છિયે અને સદ્‌ગતોનાં કુટુંબીજનો ઉપર આવી પડેલી આ આપત્તિમાં સમવેદના વ્યક્ત કરિયે છિએ, સાથે સદ્‌ગતોના અમર આત્માઓને પરમકૃપાળુ પ્રભુ પરમ શાંતિ અર્પે એવી પ્રાર્થના કરિયે છિયે. આ અંકમાં અન્યત્ર આરંભમાં એમના વિશેના હૃદયભાવ બે વિદ્વાનોએ વ્યક્ત કર્યા છે તે તરફ 'પથિક'ના વાચકોનું ધ્યાન દોરિયે છિયે.

કે. કા. શાસ્ત્રી — સુભાષ બ્રહ્મભટ્ટ

## ફરી વિનંતિ

જૂના તેમ નવા બધા જ ગ્રાહકોને યાદ આપિયે છિયે કે જૂનના અંકના મુખપૃષ્ઠ ઉપર જણાવ્યા પ્રમાણે 'પથિક'નું લવાજમ આ જુલાઈ માસથી રૂ. ૩૫/- કર્યું છે. એજન્ટ ભાઇઓનું પણ આ તરફ ધ્યાન દોરિયે છિયે. આજીવન સહાયકના રૂ. ૪૦૧/- કરવામાં આવ્યા છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બાલાંભડી

[પ્રવાસનોંધ]

શ્રી યશવંત હ. ઉપાધ્યાય

કાલાવડની દક્ષિણનો ભાગ એટલે કાલાવડી નદીનું મથાળ-ઉપરવાસનો વિસ્તાર, જ્યાં એક સમયે બાવળની કાંટ હતી ત્યાં એક માલધારીનો નેસડો હતો. અનુશ્રુતિ છે કે એ નેસમાં જન્મેલી બાળકીએ ચમત્કાર સર્જ્યો હોય એમ સુવાવડી માતાને ખાવાનું અપાતું તે બાળકી અરોગી જતી. થોડા દિવસે એટલે કે છ સાત દિવસે ઘરના પુરુષોને ખ્યાલ આવ્યો કે આ બાળકીનું વર્તન નિરાળું છે. એમણે છૂપી રીતે આ બાળકી ઉપર નજર રાખી તો બાળ અવસ્થાવાળી આ દીકરી બધો જ ખોરાક અરોગી શકતી...એને પૂછતાં ખ્યાલ આવ્યો કે પોતે જોગમાયા-સ્વરૂપે : દેવીશક્તિરૂપે પ્રગટેલ છે... બાળ અવસ્થામાં જેની પૂજા અર્ચના થયેલ તે દેવીને **બાલાંભડી** તરીકે ઓળખી એ માલધારીનો નેસ જ્યાં વસેલો ત્યાં જ થડા ઉપર માતાજીના ફળા સ્વરૂપે પૂજાતી આ જાગતી જ્યોત જેવું સ્થાનક જ્યાં છે તે તરફથી વહેતી નદીને લોકો **બાલાંભડી** નદી તરીકે ઓળખતા.

માતાજીની આ જગ્યા પ્રાચીન સમયથી છે એમ લોકમુખેથી જાણવા મળ્યું. ત્યાંથી આગળ જતાં એક જગ્યાએ ખેતરમાં શિવાલય છે. આ ખેતરમાં કૂવો ગળાતો હતો તેમાંથી શિવનું લિંગ મળ્યું અને એની સ્થાપના વાડીમાં થયેલ. આ સ્થાન પણ જૂનું છે.

ત્યાંથી ચાલતાં અમે બાલાંભડી ગામ તરફ આવ્યા.

એક લોકવાયકા મુજબ આ ગામમાં અવારનવાર રોગદોષ આવતા અને દીકરો દસ બાર વરસનો થાય ત્યાં તો એના બાપનો સ્વર્ગવાસ થતો... કોઈ કુદરતી રોગના કારણે...એમાંથી ઊગરવા લોકોએ ગામનો ઝાંપો ફેરવ્યો. ગામના જૂના ઝાંપાની સામે પાદરમાં વાછરા દાદાનું સ્થાનક, હનુમાનજીનું સ્થાનક અને ધાવળી માતાજીનું સ્થાનક છે. ધાવળી માતાને બાલાંભડીનો વસવાયા સમાજ નૈવેદ્ય ધરાવે છે. વરસમાં એક વાર ત્યાં ઉત્સવ થાય છે.

ગામનો ઝાંપો પૂર્વાભિમુખ મૂકી ત્યાં ચવળાદેવીનું સ્થાન બનાવ્યું, જેમાં હળના ચવળાવાળા ભાગને જ્યાંથી જમીન ખેડી શકાય તે ભાગને, લોકદર્શનાર્થે રાખી, સિંદૂર, મૂંઠવાળો ભાગ જમીનમાં રોપ્યો. આ સ્થાનક ખુલ્લામાં પથ્થરના ઢગલા વચ્ચે છે. આષાઢી બીજના દિવસે ચવળાદેવીની પૂજા થાય છે. ત્યાર પછી જ ખેડૂતો વાવણીમાં સાંતી જોડે છે.

આ બાલાંભડી ગામની બાલાંભડી નદી જ્યાં કાલાવડી નદીને મળે છે ત્યાં ડેમ બંધાયેલો છે જેને "બાલાંભડી ડેમ" તરીકે ઓળખવામાં આવે છે. બાલાંભડી ડેમમાં જૂના બખતમાં મૂરીલા ગામ હતું તે ડૂબમાં આવતાં એનું સ્થળાંતર થયું છે. અમે આ ડેમના સ્રાવના વિસ્તારનો પ્રવાસ કરી ત્યાં બતકનાં ઈંડાં અને માળાઓ જોયા અને એના અંગેની વિશેષ વિગત મેળવી ડેમના પાળા તરફ ગયા ત્યાં એક દરગાહ જોઈ અને હનુમાનજીનાં દર્શન કરી કાલાવડ તરફ કાલાવડી નદીના કિનારે ચાલતા ચાલતા ખોડિયાર માતાજીનાં દર્શન કર્યાં, જૂનું કાલાવડ શહેર અહીં હતું... આજે એ સ્થળને "રાજવાના ટીંબા" તરીકે લોકો ઓળખે છે. ત્યાંથી કિનારે કિનારે કલ્યાણેશ્વર મહાદેવની પુરાતની જગ્યાનાં દર્શન કરી પરત આવ્યા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પથિક

'પથિક' પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫ મી તારીખે પ્રસિદ્ધ થાય છે. પછીના ૧૫ દિવસમાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં લિખિત ફરિયાદ કરવી અને નકલ અમને મોકલવી.

* 'પથિક' સર્વોપયોગી વિચારભાવના અને જ્ઞાનનું માસિક છે. જીવનને ઊર્ધ્વગામી બનાવતાં અભ્યાસપૂર્ણ અને શિષ્ટ મૌલિક લખાણોને સ્વીકારવામાં આવે છે.

* પ્રસિદ્ધ થઈ ગયેલી કૃતિને ફરી પ્રસિદ્ધ કરવા માટે ન મોકલવાની લેખકોએ કાળજી રાખવી

* કૃતિ સારા અક્ષરે શાહીથી અને કાગળની એક જ બાજુએ લખેલી હોવી જોઈએ કૃતિમાં કોઈ અન્ય ભાષાનાં અવતરણ મૂક્યાં હોય તો એનો ગુજરાતી તરજૂમો આપવો જરૂરી છે.

* કૃતિમાંના વિચારોની જવાબદારી લેખકની રહેશે.

* 'પથિક'માં પ્રસિદ્ધ થતી કૃતિઓના વિચારો-અભિપ્રાયો સાથે તંત્રી સહમત છે એમ ન સમજવું.

* અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા જરૂરી ટિકિટો આવી હશે તો તરત પરત કરાશે

નમૂનાના અંકની નકલ માટે ૫-૦૦ની ટિકિટો મોકલવી.

મ.ઓ. ડ્રાફ્ટ-પત્રો માટે લખો :
**પથિક કાર્યાલય**
ભો. જે. વિદ્યાભવન, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯
એ સ્થળે મોકલો.

ટ્રસ્ટી-મંડળ
**૧. ડૉ. ચિનુભાઈ જ. નાયક, ૨. ડૉ. કેશવરામ કા. શાસ્ત્રી, ૩. ડૉ. નાગજીભાઈ કે. ભટ્ટી, ૪. ડૉ. ભારતીબહેન શેલત, ૫. પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ**

**વાર્ષિક લવાજમ :** રૂા. ૩૫/-, વિદેશ રૂા. ૧૧૨/-, છૂટક રૂા.૪-૫૦
**વર્ષ ૩૬ * આષાઢ સં. ૨૦૫૩ * જુલાઈ ૧૯૯૭ * અંક ૧૦**

## અનુક્રમ

સ્વ. ડૉ. રમણલાલ નાગરજી મહેતા — ડૉ. ચીનુભાઈ નાયક ૧
સ્વ. શ્રી રામસિંહજી રાઠોડ — શ્રી નરેશ અંતાણી ૨
વડનગરનું ક્ષત્રપકાલીન શિલ્પ : એક નવીન ઉપલબ્ધિ — શ્રી મુનીન્દ્ર વેણીશંકર જોશી ૪
સૌરાષ્ટ્રમાં મૌર્ય-ગુપ્ત રાજ્યશાસનનું સંક્ષિપ્ત ઐતિહાસિક અધ્યયન — શ્રી ગોવિંદ પુ. મકવાણા ૬
સૌરાષ્ટ્ર-કચ્છ ઇતિહાસ પરિષદ વિશે થોડું — શ્રી હસમુખભાઈ વ્યાસ ૮
કાઠી સંસ્થાનો ('સ્ટેટ') — દ. શ્રી મોજવાળા ૯
શ્રી ઝુવાડાના ઝાલાઓ — શ્રી બલવંતસિંહજી બી. ઝાલા ૧૨
જ્યેષ્ઠીમલ્લોનાં કુળદેવી લિંબજામાતા — શ્રી પ્રમોદ જેઠી ૧૩
ગુજરાતની સૌપ્રથમ સ્ત્રી અધ્યાપન પાઠશાળા ડૉ. મકરન્દ મહેતા, મહાલક્ષ્મી ફિમેલ ટ્રેનિંગ કૉલેજ — ડૉ. શિરીન મહેતા ૧૪
બાલાંભાડી (પ્રવાસનોંધ) — શ્રી યશવંત ઉપાધ્યાય પૂંઠી-૩

**આજીવન સહાયક થવાના રૂા. ૪૦૧/-**

**: મુદ્રણસ્થાન :**
પ્રેરણા મુદ્રણાલય, ૧૭૫૬, રુસ્તમઅલીનો ઢાળ,
મિરજાપુર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૫૫૦૬૬૦૭
: લેસર ટાઈપ સેટિંગ : ક્રિષ્ના ગ્રાફિક્સ
૯૬૬, નારણપુરા જૂના ગામ,
અમદાવાદ-૩૮૦૦૧૩ * ફોન : ૭૪૮૪૩૯૩

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વ. ડૉ. રમણલાલ નાગરજી મહેતા

ડૉ. ચીનુભાઈ નાયક (પ્રમુખ)

ગુજરાત પુરાવસ્તુ સાધન-સામગ્રીમાં ભારતનાં બીજાં રાજ્યો કરતાં સમૃદ્ધ હોવા છતાં એમાં પુરાવસ્તુવિદ્યાના જાણકારો આંગળીને વેઢે ગણાય એટલા જ છે. ડૉ. હસમુખ સાંકળિયા પછી આ વિષયમાં પહેલો પાટલો ડૉ. રમણલાલ ના. મહેતાનો પડે. શ્રી દિલીપકુમાર રોયના પુસ્તકમાં Among the Greatમાં કવિવર રવીન્દ્રનાથ ટાગોરે આપણા પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ વિશે લખતાં કહ્યું છે કે વસંતઋતુને ભારતવર્ષમાં જન્મ લેવાનું મન થયું અને એ જવાહરલાલ નહેરુના સ્વરૂપમાં અવતર્યા. આ પ્રમાણે ડૉ. રમણલાલ મહેતા વિશે પણ કહી શકાય કે પુરાવસ્તુવિદ્યાને ગુજરાતમાં જન્મ્યા. લેવાનું મન થયું અને એ રમણલાલ મહેતાના સ્વરૂપે કતારગામમાં ૧૫, ડિસેમ્બર ૧૯૨૨ માં જન્મી પ્રાથમિક શિક્ષણ એમણે વડોદરા, મરોલી અને નવસારીમાં લીધું. બી.એ અને એમ.એ.ની પદવી એમ.એસ.યુનિવર્સિટી ઑફ બડૌદામાંથી પ્રાપ્ત કરી અને પીએચ.ડી.ની પદવી પણ એ યુનિવર્સિટીની મેળવી. ડિપ્લોમા ઇન મ્યુઝિયોલોજીનો અભ્યાસ પણ એ જ યુનિવર્સિટીમાં કર્યો. પોતાની કારકિર્દીની શરૂઆત એમણે શિક્ષક તરીકે કરી અને ત્યારબાદ મ. સ. યુનિવર્સિટી વડોદરામાં રિસર્ચ-સ્કોલર, વ્યાખ્યાતા, રીડર અને પ્રોફેસર તરીકે સેવાઓ આપી. નવનિર્માણનાં વર્ષોમાં ડીન તરીકે પણ સેવા બજાવેલી.

પુરાવસ્તુ વિદ્યાના ક્ષેત્રમાં એમણે ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ ઇત્યાદિ રાજ્યોનાં અનેક સ્થળોએ સ્થળતપાસ કરીને ઉત્ખનનો કર્યાં છે. ગુજરાતમાં કરેલાં ઉત્ખનનોમાં શામળાજી નજીક દેવની મોરી, ખંભાત પાસે નગરા, ચાંપાનેર, વલભી, ઝેખડા ઇત્યાદિ સ્થળો ઉલ્લેખનીય છે. એમણે ગુજરાતનાં ઐતિહાસિક નગરો, જેવાં કે અમદાવાદ, વડોદરા, ખંભાત, સુરત, વડનગરનાં સ્થળનામોનો પણ અભ્યાસ કર્યો છે. એમના માર્ગદર્શન હેઠળ લગભગ ૩૦ જેટલા વિદ્યાર્થીઓએ સંશોધન કરીને પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે.

એમણે ગુજરાતની જુદી જુદી યુનિવર્સિટીઓમાં ઇતિહાસ, ભારતીય સંસ્કૃતિ અને પુરાવસ્તુવિદ્યાની અભ્યાસ સમિતિ ઉપર રહીને મહત્ત્વનું પ્રદાન અભ્યાસક્રમો ઘડવામાં કરેલું છે. ગુજરાત ઇતિહાસ પરિષદના મંત્રી, ઉપપ્રમુખ અને પ્રમુખન્તરીકે પણ વર્ષો સુધી સેવાઓ આપેલી છે. ગુજરાતીમાં લખાયેલા એમના પુસ્તક 'પુરાવસ્તુવિદ્યા'ને નર્મદ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવેલો છે એમણે ગુજરાતી ભાષામાં લગભગ ૩૭ જેટલાં પુસ્તકો લખ્યાં છે અને જુદાં જુદાં સ્થળોનાં ઉત્ખનનોનાં અંગ્રેજી ભાષામાં પુસ્તકો લખ્યાં છે. આ ઉપરાંત એમણે ૩૦૦ જેટલાં લેખો ઇતિહાસ, સંસ્કૃતિ અને પુરાવસ્તુવિદ્યાને લગતા લખ્યા છે.

એઓને તરવાનો અને ભારતીય રમતોનો ભારે શોખ. વડોદરામાં સવારનાં ચડ્ડી પહેરીને દોડતા તેથી મિત્રોમાં "ભીખુ ચડ્ડી' તરીકે ઓળખાતા. એઓ સ્વભાવે પ્રેમાળ, રમૂજી અને ખેલદિલ હતા. આવા બહુમુખી પ્રતિભા ધરાવનાર પુરાવસ્તુવિદનું વડોદરા મુકામે ૨૨, જાન્યુઆરી ૧૯૯૭ ના રોજ દેહાવસાન થયું. એઓ 'પથિક'ના ચાહક, પ્રશંસક, પ્રોત્સાહક અને લેખક હતા. 'પથિક' એઓને આદરભરી શ્રદ્ધાંજલિ અર્પતા ગૌરવ અનુભવે છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કચ્છના ઈતિહાસ અને સંસ્કૃતિના પહેરગીર

## રામસિંહજી રાઠોડ

*શ્રી નરેશ અંતાણી*

કચ્છની ભાતીગળ સંસ્કૃતિનાં અનેકવિધ પાસાંઓને સમગ્ર દેશ સમક્ષ મૂકનાર ઈતિહાસવિદ રામસિંહજી રાઠોડનું ૮૨ વર્ષની જૈફ વયે ગત ૨૫ મી જૂનના રોજ ભૂજ ખાતે દુઃખદ અવસાન થયું. ગુજરાતે એક ખમતીધર લોકસંસ્કૃતિના પ્રહરી, ઈતિહાસવિદ ગુમાવ્યા. કચ્છની સંસ્કૃતિ તેમ ઈતિહાસના જીવતા જાગતા "જ્ઞાનકોશ" એવા સદ્ગત રામસિંહજીભાઈની ખોટ ગુજરાત અને કચ્છને કાયમ રહેશે. કચ્છી ભાષા અને સાહિત્યના વિકાસ માટે એઓ છેવટ સુધી સક્રિય રહ્યા, એમનું અધૂરું આ કાર્ય પૂર્ણ કરવાની જવાબદારી નવી પેઢી પર આવી પડી છે.

સદ્ગત રામસિંહજીભાઈને અંજલિરૂપે આ લેખ સાદર છે.

લુપ્ત થઈ રહેલ લોકવારસાના જતન માટે જીવન અર્પણ કરનારા શ્રી રાઠોડ નો જન્મ કચ્છના અંજાર તાલુકાના ભૂવડ ગામે ઈ.સ. ૧૯૧૭ ની સાલમાં થયો હતો.

જંગલખાતામાં નોકરીમાં જોડાઈને પોતાના જીવનની કારકિર્દીએ શરૂ કરી. "ક" વર્ગના કચ્છ રાજ્યમાં અને દ્વિભાષી "મુંબઈ" રાજ્ય તથા ગુજરાત રાજ્યના જિલ્લા તરીકે સ્થાન પામેલ એઓ કચ્છમાં જંગલખાતાના ઉચ્ચ અમલદાર (I.F.S.) તરીકે નિવૃત્ત થયા. યુવાવસ્થાથી તે છેક જીવનના અંત સુધી કચ્છની સંસ્કૃતિ, ઈતિહાસનાં વિવિધ ક્ષેત્રે, શિલ્પ સ્થાપત્ય, લોકસાહિત્ય, લોકકલા, ઈતિહાસ, ભાષા અને ભૂસ્તરશાસ્ત્રક્ષેત્રે કાર્ય કર્યું અને એટલે જ ગુજરાતનાં કવિવર ઉમાશંકરભાઈ રામસિંહજીભાઈને સંશોધનક્ષેત્રના "વનરાજ" કહેતા હતા.

જીવનના છ દાયકા સુધીના એમના સંશોધનની ઝલક ભૂજ ખાતે એમણે સ્થાપેલા "ભારતીય સંસ્કૃતિદર્શનઃ કચ્છ" નામના સંગ્રહાલયમાં જોવા મળે છે. કચ્છના ઈતિહાસની સામગ્રીમાં શહાદતની તવારીખ આપતા પાળિયા, સિક્કા, કચ્છના જૂના ગ્રંથભંડારો, શિલાલેખો, તોશાખાનાં, દફતરો, ધર્માદા મઠો અને જાગીરોમાં રહેલ પુરાવસ્તુઓ લુપ્ત થાય એ પહેલાં એક પ્રાદેશિક સંગ્રહસ્થાન બનાવી એમાં એનું રક્ષણ જતન કરવું એ એઓની મુખ્ય ઇચ્છા હતી; એ ઈચ્છામાંથી "ભારતીય સંસ્કૃતિ દર્શન કચ્છ"નો ઉદ્ભવ થયો. એઓ કહેતા કે "જેનો કોઈ લેખક નથી, કવિ પણ નથી, પણ જનતા જેની જનેતા છે એવી કચ્છી વાણીનું સાહિત્ય જ સાચા અર્થમાં લોકસાહિત્ય છે.

નવી અસર હેઠળ કચ્છી બોલીની તળપદી અને વિશિષ્ટતા અલુપ્ત થઈ રહી છે એની એઓને સતત ચિંતા હતી અને એથી કચ્છી ભાષા અને સાહિત્યને માન્યતા મળે, 'કચ્છી સાહિત્ય અકાદમી"ની રચના થાય અને એ દ્વારા કચ્છીભાષાની અસલિયત જળવાઈ રહે તથા નવોદિત કચ્છી લેખકોને પ્રોત્સાહન મળે એ એમનો સતત પ્રયત્ન હતો. એમના આ પ્રયત્નને સફળતા મળે એ પહેલાં એઓ વિદાય થઈ ગયા. ગુજરાત સરકારે "કચ્છી સાહિત્ય અકાદમી"ની રચના કરવા એમના અધ્યક્ષસ્થાને "કચ્છીભાષા- સાહિત્ય વિકાસ સમિતિ"ની રચના કરેલ હતી. એમનો અહેવાલ સરકારની વિચારણા હેઠળ હતો તે સિદ્ધ થયો છે ને કચ્છી અકાદમીની સ્થાપના થઈ ચૂકી છે, માત્ર એ સાંભળવા એઓ હયાત નથી.

કચ્છની તળપદી સંસ્કૃતિનો યોગ્ય સંગ્રહ અભ્યાસીઓ, સંશોધકો અને ભાવી પેઢીના જીવન- ઘડતરમાં



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહામૂલો વારસો બની શકે એવું માનનારા સદ્‌ગત રામસિંહજીભાઈએ પોતાની નિવૃત્તિના સમયને એ માટે પ્રવૃત્તિ બનાવી પ્રારંભમાં પોતાની પ્રોવિડન્ડ ફંડની રકમ તથા પેન્સન સંગ્રહાલય બનાવવામાં ખર્ચવા લાગ્યા. સંગ્રહાલયની રચના કરવા "ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન સોસાયટી"ની સ્થાપના કરી અને આમ એમનું સ્વપ્ન કોલેજ રોડ પર સાકર થયું. ''ભારતીય સંસ્કૃતિ દર્શન : કચ્છ, સંગ્રહાલય'' એનું ઉદ્‌ઘાટન ગુજરાતના કવિવર શ્રી ઉમાશંકરભાઈ જોશીએ કર્યું હતું.

૧૨-૧૧-૧૯૮૦ ના સ્થાપાયેલ આ સંગ્રહાલયમાં અનેક રીતે વિશિષ્ટ એવી ૪૫૦૦ જેટલી વસ્તુઓ અને ૧૫૦૦ જેટલા અલભ્ય ગ્રંથોનો સંગ્રહ પ્રદર્શિત કરવામાં આવ્યો છે. અહીં કલા, સાહિત્ય, હસ્તકલા, ઇતિહાસ, પુરાતત્ત્વવિદ્યા, ભૂશાસ્ત્ર વગેરેના સંગ્રહને ખૂબ જ વ્યવસ્થિત અને આધુનિક ઢબે પ્રદર્શિત કરવામાં આવેલ છે. દેશ-વિદેશના અભ્યાસીઓ માટે એક સરસ કેંન્દ્ર બન્યું છે.

"કુમાર" અને એના સદ્‌ગત તંત્રી બચુભાઈ રાવત દ્વારા એમને ખૂબ જ પ્રેરણા અને માર્ગદર્શન મળ્યાં છે. "કુમાર" કાર્યાલય દ્વારા જ એમના સર્વપ્રથમ ગ્રંથ "કચ્છનું સંસ્કૃતિદર્શન" પ્રગટ થયું હતું. એમનો આ ગ્રંથ ગુજરાતમાં ખૂબ જ લોકપ્રિય બન્યો અને કચ્છના સંશોધન માટે એ ખૂબ જ અધિકૃત થયો. આ ગ્રંથને ત્રણ એવૉર્ડ મળ્યા, જેમાં ગુજરાત સાહિત્ય સભા-અમદાવાદનો રણજિતરામ સુવર્ણચંદ્રક, સાહિત્ય અકાદમી એવૉર્ડ અને દ્વિભાષી મુંબઈ રાજ્યનો એવૉર્ડ. એમનો તાજેતરમાં જ પ્રકાશિત થયેલો બીજો ગ્રંથ "કચ્છ એન્ડ રામસંઘ"નું લોકાર્પણ મોરારીબાપુના હસ્તે થયું.

આ ગ્રંથની પ્રસ્તાવના સદ્‌ગત હરીન્દ્ર દવેએ લખી છે. રામસિંહજીભાઈને ગુજરાત સરકારનો ગૌરવ પુરસ્કાર પણ પ્રાપ્ત થયો છે.

ગુજરાતના સર્વપ્રથમ "કચ્છ મ્યુઝિયમ"ની ૧૯૭૮ માં ઊજવાયેલ શતાબ્દી સમિતિના એ અધ્યક્ષ હતા એ વખતે મ્યુઝિયમની પુનઃ રચનામાં એઓએ સક્રિય યોગદાન આપ્યું હતું.

સદ્‌ગત રામસિંહભાઈના નિધનથી ગુજરાતે સંસ્કૃતિનો રખેવાળ ગુમાવ્યો છે, જે ખોટ પુરાવાનું શક્ય નથી.

એમના યોગદાન સમા "સંગ્રહસ્થાન"ને માત્ર જાળવવાથી જ નહિ, પણ એના વિસ્તાર થકી જ એમણે આવી અંજલિ અર્પી શકાશે.

ઠે. ૩, નાગરવંડી, છઠ્ઠી બારી, ભૂજ (કચ્છ)-૩૭૦૦૦૧

(અનુસંધાન પૃષ્ઠ ૮ નું ચાલુ)

૫.સૌરાષ્ટ્રના રત્નાકર(વેરાવળથી દ્વારકા)ના કિનારાનાં પ્રદેશમાં માતૃશક્તિના અવશેષો બહોળા પ્રમાણમાં મળે છે, જે "શિવપૂજા પહેલી કે શક્તિપૂજા' એવો સહજ પ્રશ્ન ઉઠાવે છે. આ જ રીતે આ વિસ્તારોમાં પ્રાચીન સૂર્યમંદિરોના પણ ઘણા અવશેષો મળ્યા છે. પ્રસિદ્ધ જ્યોતિર્લિંગ સોમનાથ પણ મૂળ સૂર્યપૂજાનું મહત્ત્વનું કેન્દ્ર હોવાનું પુરાવિદોનું માનવું છે. આ બંને મુદ્દાઓ અંગે પણ પરિષદે માત્ર આ અંગેના નિબંધો લખાવી-વંચાવી ન લેતાં કૈંક નક્કર સંશોધન હાથ ધરવું જોઈએ. આ પૂર્વે નોંધ્યું તેમ વેરાવળથી દ્વારકા વચ્ચેના સાગરને જ 'રત્નાકર' કહેવાતો હોવાનો મત પણ સંશોધનનો મુદ્દો બની રહે છે.

૬. સૌરાષ્ટ્રના મધ્યકાલીન આર્થિક રાજકીય ધાર્મિક ને સામાજિક ઇતિહાસનાં પ્રામાણિક સંશોધન-આલેખન અંગે પણ પરિષદે કૈંક કરવું જોઈએ.

સૌરાષ્ટ્ર-કચ્છ ઇતિહાસ પરિષદની ટીકા કરવાનો આ પ્રયાસ નથી, પણ કૈંક અપેક્ષિત રચનાત્મક અભિગમ અપનાવવા અંગે દિશા-નિર્દેશ માત્ર કર્યો છે. અસ્તુ.

ઠે. જામકંડોરણા હાઈસ્કૂલ, જામકંડોરણા (જિ. રાજકોટ)-૩૬૦૪૦૫



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વડનગરનું ક્ષત્રપકાલીન શિલ્પ એક નવીન ઉપલબ્ધિ

-શ્રી મુનીંદ્ર વેણીશંકર જોશી



ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસમાં વડનગરનાં સ્થાન-પ્રદાન વિશે ઘણી વિગતો પ્રસિદ્ધ થયેલ હોઈ એની પુનરાવૃત્તિની આવશ્યકતા જણાતી નથી, પરંતુ અત્રે ચર્ચિત શિલ્પના સમયાંકનને ધ્યાનમાં લેતાં વડનગરનાં ઈસુની શરૂઆતની સદીઓનાં નોંધપાત્ર શિલ્પો વિશે જોઈએ તો વડનગરના ઉત્ખનનમાંથી પ્રાપ્ત માતા અને શિશુનું પારેવા પથ્થરનું શિલ્પ[1] ઘાંસકોળ દરવાજા બહાર ખેતરમાંથી નીકળેલ. ઇ.સૂ.ની પાંચમી સદીનું પારેવા પથ્થરનું એક મુખલિંગ[2] અને તાજેતરના વર્ષોમાં ગામ બાહરના એક ખેતરમાંથી નીકળેલ મથુરા શૈલીની રતાશ પડતા પથ્થરની બોધિસત્ત્વની ૨-૩ સદીની પ્રતિમા[3] ગણી શકાય.

તાજેતરમાં વડનગર મુકામે શ્રી હાટકેશ્વર મહાદેવના પરિકરમાં આવેલ મંદિરસમૂહના અભ્યાસ દરમ્યાન એક નાની દહેરીની બહાર અત્રે ચર્ચિત શિલ્પ લેખકના ધ્યાન પર આવેલ હતું. કાલબળના પરિણામે લાગેલ ઘસારો, વાતાવરણની અસર, ઉપરાંત ખંડિત શિલ્પને પાછળના સમયમાં લગાવેલ સિમેન્ટને કારણે પણ કેટલીક વિગતો મળી શકે એમ નથી. આમ છતાં શિલ્પની કલાશૈલી, બેસવાની લઢણ, દેહસૌષ્ઠવ વગેરેના પ્રથમદર્શી અભ્યાસથી પણ આ શિલ્પ માત્ર વડનગરના જ નહિ, પરંતુ ગુજરાતના શિલ્પજગતમાં નોંધપાત્ર અને મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

પારેવા પથ્થરમાંથી કંડારેલ શિલ્પનું માપ ૦.૧૨.૫ x ૧૦ x ૦.૩૫ સેં.મી. છે. શિલ્પ ઘસાયેલ તથા હાથમાં ધારણ કરેલ આયુધ સ્પષ્ટ ન હોઈ શિલ્પ કયા દેવનું છે એની ઓળખ શક્ય નથી. દેવ ઊંચા આસન પર પર્યંકાસને બિરાજેલ છે. મસ્તકના પૃષ્ઠભાગે પદ્મપત્રની ભાત-વાળું પ્રભામંડળ જણાય છે. ચોરસ મુખાકૃતિ, લાંબા કાન તથા ગળામાં હાર ધારણ કરેલ છે. દ્વિભુજ દેવનો વામ હસ્ત પોંચીથી ખંડિત હોઈ આયુધની વિગત મળતી નથી, જ્યારે દક્ષિણ કરે ધારણ કરેલ વસ્તુ પણ અસ્પષ્ટ હોવા છતાં હથેળીની નીચેનો ભાગ પદ્મદંડનો ભાગ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોવાનું જણાય છે. બંને હાથ પગના ઘૂંટણ પર ટેકવેલ છે. બંને હાથની સ્થિતિ જોતાં સામાન્યતયા સૂર્ય પ્રતિમાઓમાં જોવા મળતી શૈલીને અનુરૂપ છે. મસ્તક પરથી કેશકલા પણ પ્રાચીન પરિપાટીની દ્યોતક છે.

પ્રસ્તુત શિલ્પ, ઉપર જણાવ્યા મુજબ, ખંડિત અને ઘસાયેલ હોવા સાથે અસ્પષ્ટ આયુધ વગેરેને કારણે અન્ય વિગતો ઉપલબ્ધ નથી, પરંતુ એની કલાશૈલી પરથી વ્યક્ત થતી એની પ્રાચીનતાને કારણે નોંધપાત્ર તો છે જ. પ્રતિમાના સમયાંકનની વિચારણા કરતાં અને બેસવાની લઢણ, પદ્મપત્રનું સંભવિત પ્રભામંડળ તથા દક્ષિણ કરમાં ધારણ કરેલ વસ્તુ પદ્મ હોવાનું ગણીએ તો પ્રતિમા સૂર્યની હોવાનું જણાય છે. પ્રતિમાનાં વિસ્ફુરિત મોટાં નેત્રો, દેહસૌષ્ઠવ, બેસવાની લઢણ, મુખાકૃતિ અને કેશકલા મથુરા સંગ્રહાલયની એક સૂર્યપ્રતિમા[૪] સાથે સામ્ય ધરાવે છે. ગુજરાતમાંથી અગાઉ નોંધાયેલ આ સમયગાળાની અન્ય સૂર્યપ્રતિમાઓ કે જે દોલતપુર(કચ્છ)[૫] અને જૂના સોજા(મહેસાણા જિલ્લો)માંથી[૬] મળેલ છે. આ બંને શિલ્પોમાં માત્ર દેવનો મસ્તકભાગ જ અવશિષ્ટ છે. આ બંને શિલ્પ-શીર્ષ પર કુષાણશૈલીનો ટોપાઘાટનો મુકુટ છે, જ્યારે વડનગરના દેવશીર્ષ પર લાંબા વાળ છે, જેની શૈલી ઉપર વર્ણવેલ મથુરાની સૂર્યપ્રતિમા સાથે સામ્ય ધરાવે છે. ઉપરાંત મુખાકૃતિનો ચોરસ ઘાટ પણ મથુરા-સંગ્રહાલયની સૂર્યપ્રતિમા સાથે સામ્ય ધરાવે છે, ગળામાં ધારણ કરેલ આભૂષણની પરિપાટીમાં પણ સામ્ય છે. મથુરાની પ્રતિમાનું પ્રભામંડળ સાદું છે, જ્યારે વડનગરના શિલ્પના પ્રભામંડળમાં પદ્મપત્ર-ભાતનાં અંકન છે. આમ બંને શિલ્પોના અભ્યાસ પરથી એટલું તો સપષ્ટ થાય છે જ કે વડનગરની પ્રતિમા પણ મથુરાશૈલીની પરિપાટીમાં ઘડાયેલી છે. બંને પ્રતિમાઓના તુલનાત્મક અભ્યાસ પરથી વડનગરનું શિલ્પ ઈ.સુ.ની ૨જી સદીથી પાછળના સમયનું નથી, ઈ.સુ.ની ૧ લી-૨ જી સદીમાં મૂકી શકાય એમ છે. આમ વડનગરના શિલ્પની ઓળખ સ્પષ્ટ ન હોવા છતાં ગુજરાતમાં ઈસુની શરૂઆતની સદીઓનાં શિલ્પોની સંખ્યા જોતાં એ દષ્ટિએ અને વડનગરના કલાઇતિહાસની દષ્ટિએ પણ આ શિલ્પ ગણનાપાત્ર છે.

**પાદટીપ :**


૧. ડૉ. સુબ્બારાવ અને ડૉ. આર.એન.મહેતા, ''એસ્કેવેશન એટ વડનગર,'' એમ. એસ. યુનિ. જર્નલ, વૉ.૧, માર્ચ,' ૧૯૫૫

૨. જોશી મુનીંદ્ર વેણીશંકર, 'વડનગરમાં ખોદકામ દરમ્યાન મળેલ મુખલિંગ', 'પથિક', વર્ષ ૩૨, અંક ૧-૨, પૃ.૭૨ ચિત્ર-૨ (મુખપૃષ્ઠ)

૩. જોશી મુનીન્દ્ર વી. અને ભાવસાર રતિભાઈ', 'વડનગરથી પ્રાપ્ત બોધિસત્વથી ઉલ્લેખ્ય પાષાણપ્રતિમા,' 'પથિક', વર્ષ : ૩૩, અંક ૧-૨, પૃ. ૭૨

૪. પારેખ સુંદરલાલ એસ, 'સૂર્યનાં બે વિશિષ્ટ શિલ્પો', 'સ્વાધ્યાય', પુસ્તક : ૧૯ અંક -૨, મુખપૃષ્ઠ પરનું ચિત્ર

૫. શાહ ઉમાકાંન્ત પ્રે., ''ગુજરાતના એક ક્ષત્રપકાલીન શિલ્પનું મસ્તક'', 'સ્વાધ્યાય' પુ-૫, અંક-૨, પુ.૧૯૬-૯૮

૬. હજરનીશ રવિ અને જોશી મુનીન્દ્ર, 'ગુજરાતના એક આપ્રસિદ્ધ ક્ષત્રપકાલીન શિલ્પનું શીર્ષ'', 'સ્વાધ્યાય', પુે. ૨૪, અંક ૨, પુ. ૧૮૧૮૨


સદરહુ અભ્યાસ દરમ્યાન જરૂર સાથ-સહકાર આપવા બદલ તથા શિલ્પનો ફોટોગ્રાફ આપવા બદલ પ્રો. રતિભાઈ ભાવસારનો લેખક આભાર છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સૌરાષ્ટ્રમાં મૌર્ય-ગુપ્ત રાજ્યશાસનનું સંક્ષિપ્ત ઐતિહાસિક અધ્યયન *

શ્રી ગોવિંદ પુ. મકવાણા

**પૂર્વભૂમિકા :** સૌરાષ્ટ્રનું આ જૂનું નામ પ્રાચીન યુગમાં 'સુરાષ્ટ્ર' કે 'સુરાષ્ટ્રા' તરીકે ઓળખાતા પ્રદેશનું નામ છે. ગ્રીક અને ચીન દેશના ઇતિહાસના ગ્રંથોમાંથી પણ 'સુરાષ્ટ્ર' નામ મળી આવેલ છે 'સુરાષ્ટ્ર' એટલે સારો દેશ એવો સરળ અર્થ થાય છે. અંગ્રેજ ગ્રંથકારો એ સૂર્યપૂજક પ્રજાનો દેશ એવો અર્થ કરે છે,પરંતુ સમય જતાં મરાઠા શાસન અહીં અસ્તિત્વમાં આવતાં મરાઠાઓએ એનું નામ 'કાઠિયાવાડ' કરી નાખ્યું હતું, જે હાલ પણ "સૌરાષ્ટ્ર"ના નામ સાથે પ્રચલિત છે.

દ્વારકામાહાત્મ્યમાં દ્વારકા ક્ષેત્રનું જૂનું નામ 'કુશદ્વીપ' કે કુશાવર્ત દેશ હતું.શ્રીકૃષ્ણ પહેલાં અહીં કુશ નામનો દૈત્ય રાજ્ય કરતો હતો તેથી એનું નામ કુશાવર્ત પડ્યું હતું. આ નામ પુરાણો અને જૈન ગ્રંથોમાંથી પણ મળી આવે છે. ત્યાર પછી અહીં સૂર્યવંશના રાજવી શાર્યાત આનર્તે રાજ્ય જીતી લીધું તેથી એનું નામ 'આનર્ત' પ્રચલિત થયું હતું.

સમ્રાટ અશોકના સામ્રાજ્યની ચાર સીમાઓ ઉપર ચાર શૈલ લેખો કોતરાવેલા છે એના ઉપરથી જાણી શકાય છે કે એની સત્તા કાબૂલથી બંગાળ અને ઉડિયા (ઓરિસ્સા) સુધી તથા હિમાલયથી સૌરાષ્ટ્ર તેમજ માળવા સુધી ફેલાયેલી હતી. ગિરિનગરના શૈલ લેખમાં અશોકને 'દેવાનાં પ્રિય પ્રિયદર્શી' તરીકે વર્ણિત કરેલ છે. રુદ્રદામાના લેખમાં પણ આ વિસ્તારને 'સુરાષ્ટ્ર' નામથી ઓળખવામાં આવેલ છે, એટલે કે એનું જૂનું અસલ નામ સુરાષ્ટ્ર હતું. ઈ.સ.ની સાતમી સદી સુધી ગુજરાતનો ઘણો પ્રદેશ સૌરાષ્ટ્રમાં ગણાતો હતો એવા પુરાવા ચીનના મુસાફરોના ગ્રંથોમાંથી મળેલ છે. ચીની મુસાફર હ્યુએનસંગ સાતમી સદીમાં ભારતવર્ષમાં આવેલ હતો તેણે પોતાની પ્રવાસનોંધમાં સૌરાષ્ટ્રની સીમા મહી નદી સુધી દર્શાવેલ હતી.

**સૌરાષ્ટ્રમાં મૌર્ય શાસનનો અમલ :** ઈ.સ.પૂર્વે ચોથી સદીની શરૂઆતમાં સૌરાષ્ટ્રમાં મૌર્યવંશના રાજા ચંદ્રગુપ્તના એલચી(અધિકારી)ની નિમણૂક ગિરિનગર(જૂનાગઢ)માં કરવામાં આવી હતી. ચંદ્રગુપ્તનું રાજ્ય પૂર્વમાં બંગાળ, ઊડિયા (ઓરિસ્સા) અને કલિંગ સુધી તથા પશ્ચિમે કાશ્મીર, પંજાબ, મારવાડ અને સૌરાષ્ટ્ર સુધી વિસ્તરેલું હતું. ગિરનારના પહાડ નજીક એક નાના ખડક ઉપરના ઐતિહાસિક ત્રણ શૈલ લેખોમાં રાજા રુદ્રાદામનો પણ એક શૈલ લેખ છે તેમાં લખવામાં આવ્યું છે કે ગિરિનગરની બાજુમાં આવેલ સુદર્શન નામનું તળાવ ચંદ્રગુપ્ત મૌર્યના રાજ્ય તરફથી ગિરિનગરમાં નિયુક્ત થયેલ પુષ્યગુપ્ત નામના અધિકારી દ્વારા બંધાવવામાં આવ્યું છે.

સમ્રાટ અશોકના વખતમાં પણ સૌરાષ્ટ્રમાં મૌર્ય શાસન અસ્તિત્વમાં હતું. એના યુગને સુવર્ણયુગ તરીકે ઓળખવામાં આવે છે. અશોકે એના રાજ્યની ચાર બાજુની સીમાઓ ઉપર ચાર શૈલ લેખ કોતરાવેલા છે તેમાં ધર્મનીતિ-રીતિના નિયમોનું પાલન કરવાનું જણાવવામાં આવેલ છે. આ ચાર લેખોમાં એક શૈલ લેખ ગિરિનગરના ઉપર બતાવેલા ખડક પર કોતરાયેલ છે. આ ગિરિનગર મૌર્યકાલીન શાસન-વ્યવસ્થાનું સૌરાષ્ટ્રનું મુખ્ય મથક,વડું મથક અથવા પેટા રાજધાનીનું નગર હતું. અહીં રહી મૌર્યવંશના શાસકના અમલદારો સૌરાષ્ટ્રનો વહીવટ કરતાં હતા.

* ગુજરાત ઇતિહાસ પરિષદના ૧૯મા અધિવેશન પ્રસંગે રજુ કરેલ શોધનિબંધ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અશોકના રાજ્યની ચાર દિશાની સીમાઓ કાબૂલથી બંગાળ અને ઉડિયા (ઓરિસ્સા) સુધી અને હિમાલયથી સૌરાષ્ટ્ર અને માળવા સુધી હતી. ગિરિનગરના શિલાલેખમાં અશોકને 'દેવાનાંપ્રિય પ્રિર્યદર્શી' તરીકે દર્શાવેલ છે. ક્ષત્રપ રાજ્જા રુદ્રરમાના શૈલ લેખમાં નોંધવામાં આવેલ છે કે સૌરાષ્ટ્રમાં અશોકના શાસનકાલ દરમ્યાન તુષાસ્પ નામના ગ્રીક એલચી (ગર્વનર)ને ગિરિનગરમાં નિયુક્ત કરવામાં આવ્યો હતો અને આ એલચીએ સુદર્શન તળાવની નવરચના (પુનઃ નિર્માણ) સારી રીતે ફરીથી કરાવેલ હતી. આમ સૌરાષ્ટ્રમાં મૌર્યવંશની રાજ્યસત્તાના અમલના પુરાવા રુદ્રદામાના શૈલ લેખમાંથી તથા જૈન અને બૌદ્ધ ગ્રંથોમાંથી મળી આવેલા છે.

**સૌરાષ્ટ્ર ગુપ્ત રાજ્ય શાસનનો અમલ :**

ભારતમાં શક-ક્ષત્રપ રાજવીઓએ ૩૦૦ વર્ષ સુધી રાજ્યશાસન ચલાવ્યું હતું અને ત્યારબાદ ગંગા તથા જમના નદીના કિનારે ગુપ્તવંશના રાજવીઓનો ઉદય થતાં શકવંશના રાજવીઓનું જોર-બળ-સામ્રાજ્ય નબળુ પડ્યું હતું અને ગુપ્તવંશમાં જે મોટા રાજા થયા હતા તેઓમાંના કુમારગુપ્ત નામના રાજાના સમયમાં સૌરાષ્ટ્ર સુધી એના રાજ્યશાસનની સીમા વિસ્તરેલી હતી. કુમારગુપ્ત પછી એનો પુત્ર સ્કંદગુપ્ત ગાદીએ આવ્યો હતો તેનો શૈલ લેખ ગિરિનારમાં અશોક અને રુદ્રદામાના શૈલલેખની બાજુમાં છે. એનું ભાષાંતર ડૉ. લાઉએ ઘણા પરિશ્રમથી કરેલું છે. એમાં લખ્યું છે કે સ્કંદગુપ્ત તરફથી પર્ણદત્તના દીકરા ચક્રપાલિતને ઘણો જ યોગ્ય અને લાયક ગણીને એની ગિરિનગરના અધિકારી તરીકે નિમણૂક કરી હતી. એના અમલમાં વર્ષાઋતુમાં ઘણો વરસાદ થવાથી ગિરિનગરના પહાડમાંથી નીકળતી સુવર્ણરિખા (સોનરેખ) તરીકે ઓળખાતી નદીમાં પૂર આવવાથી સુદર્શન તળાવનો બંધ વચ્ચેથી તૂટી ગયો હતો. આ નદીનું નામ 'સુવર્ણરેખા' એટલા માટે પ્રચલિત થયું હતું કે એની રેતી સોનાની જેમ ચળકતી હતી ગૌમુખીના ઝરણાંની આસપાસની રેતી જોવાથી આ સમજાય છે. બંધ તૂટી જવાથી તળાવનું પાણી ખાલી થઈ ગયું, જેના કારણે લોકોને ઘણી જ મુશ્કેલી પડી હતી. એ કારણે ગુપ્તશાસનના અધિકારી ચક્રપાલિતે સુદર્શન તળાવનું પુનઃ નિર્માણ સુંદર રીતે વ્યવસ્થિત કરાવ્યું હતું. આ શૈલ લેખના આધાર પરથી જાણી શકાય છે કે ગિરિનગર પ્રાચીન સૌરાષ્ટ્ર ગુજરાત સહિત-નું રાજધાનીનું નગર હતું અને સુદર્શન તળાવનું મહત્ત્વ લોકોના ઉપયોગ માટે તેમજ કૃષિ અને પશુપાલન માટે ખૂબ જ જરૂરી હતુ. આમ આ શૈલ લેખ ઉપરથી પણ જાણી શકીએ છીએ કે સૌરાષ્ટ્રમાં ગુપ્તવંશનો પણ અમલ એક સમયે હતો.

ઠે. દફતર ભંડાર-ઉત્તર વર્તુલ - ૩૮૦૦૦૬

**સંદર્ભ :**

૧. સૌરાષ્ટ્ર દેશનો ઇતિહાસ, ભાગ-૧, ઈ.સ. ૧૮૬૮
લેખક : ભગવાનલાલ સંપતરામ

૨. કાઠિયાવાડનો રાજકીય પરિચય : ગો. પુ. મકવાણા

## પૂર્તિ

નોંધવા જેવું તો એ પણ છે કે ઈ.સ.૪૫૫-૫૭ માં ચક્રપાલિતે આજના દામોદરકુંડના દક્ષિણ કાંઠે 'ચક્રભૃત્' વિષ્ણુનું મંદિર બંધાવ્યું હતું. એ મંદિરમાં ત્રિવિક્રમની બેઉ મૂર્તિ આ સમય જેટલી જૂની છે. મંદિરનો જીર્ણોદ્ધાર થયા કર્યો છે. ઝીણી નજરે ઊભણીનો નીચેનો ભાગ જોતાં એ સમજાય એમ છે. આમ સૌરાષ્ટ્રનાં પ્રાચીન મંદિરોમાં આ મંદિર સૌથી જૂનું છે, જે બંને મૂર્તિઓનું સ્વરૂપ જોતા સ્પષ્ટ થાય છે.

—સંપાદક તંત્રી



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સૌરાષ્ટ્ર-કચ્છ ઇતિહાસ પરિષદ વિશે થોડું

શ્રી હસમુખભાઈ વ્યાસ

ગત ૧/૨ ફેબ્રુ. '૯૭ના બે દિવસ બહેરા-મૂંગા વીરાણી શાળા(રાજકોટ)માં સૌરાષ્ટ્ર-કચ્છ ઇતિહાસ પરિષદનું ૧૨ મું અધિવેશન યોજાઈ ગયું. આ સંસ્થાનો હું પણ આજીવન સભ્ય છું એ પ્રથમ જ જણાવી દઉં છું. છેક ૧૯૭૪ થી પ્રવૃત્ત આ સંસ્થા મહત્ત્વની હોવા છતાં એમના દ્વારા જે કાર્ય થવાં જોઈએ તે થયેલ નથી એ દુઃખ સાથે કહેવું પડે છે આ અંગે થોડા મુદ્દા નોંધું છું :

૧. આઝાદી પહેલાં લગભગ દરેક દેશી રાજ્યમાં એના ભૂગોળ ઇતિહાસ - પ્રાથમિક કક્ષાએથી જ શીખવાતાં, પરંતુ વર્તમાન ગુજરાત-સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓની કમનસીબી એ છે કે એમને એમના પોતાના જ રાજ્યનો ઇતિહાસ અને એની ભૂગોળ શીખવા મળતાં નથી ! અર્થાત્ હાલના ગુજરાતના ધો. ૫ થી ૧૦ સુધીના ઇતિહાસ(સમાજવિદ્યા)ના અભ્યાસક્રમમાં સૌરાષ્ટ્ર-ગુજરાતના ઇતિહાસ વિશે અપવાદરૂપ પ્રકરણ સિવાય કશું જ આવતું નથી. હકીકતે આ સમયગાળા દરમ્યાન જ વિદ્યાર્થીને એના પ્રદેશ-રાજ્યના ઇતિહાસથી વાકેફ કરવો જોઈએ અને આમ કરવું એને પ્રાંતવાદ ન કહેવાય. સૌરાષ્ટ્ર- કચ્છ ઇતિહાસ પરિષદે (અને ગુજરાત ઇતિહાસ પરિષદે) આ કરવા, અર્થાત્ અભ્યાસક્રમમાં સૌરાષ્ટ્ર-ગુજરાતનો ઇતિહાસ દાખલ કરાવવા સઘન પ્રયાસો કરવા જોઈએ. આ એક પાયાનું કામ છે, જે બંને ઇતિહાસ પરિષદને અદ્યાપિ ધ્યાન પર પક્ષ આવેલ નથી !

૨. શ્રી શંભુપ્રસાદ દેસાઈ(આ સંસ્થાના પાયાના પથ્થર)એ સૌરાષ્ટ્રનો ઇતિહાસ તો અવશ્ય લખ્યો છે, પણ એ તો સમગ્ર સૌરાષ્ટ્રના ઇતિહાસની રૂપરેખા માત્ર છે. પ્રસિદ્ધ પુરાવિદ સ્વ.ડૉ.હસમુખ સાંકળિયાએ સૌરાષ્ટ્રને 'ઇતિહાસ પુરાતત્ત્વની ખાણ' કહેલ છે એ યથાર્થ જ છે, કેમકે સૌરાષ્ટ્રમાં ગામેગામ ઇતિહાસ-પુરાતત્ત્વના અંશો સંઘરાયેલ છે. આ અંગે વિસ્તૃત ને વ્યાપક સ્થળતપાસ થવી જોઈએ, જે એક વ્યક્તિનું કામ નથી જ. આના માટે 'ફિલ્ડ-વર્ક' કરી શકે તેવા દષ્ટિસંપન્ન સંશોધકોની ટીમ-વર્કની જરૂર રહે છે. ટેબલ પર બેસી, લાયબ્રેરીમાંથી, પુસ્તકો લાવી, વાંચી લેખ લખી કાઢે એવાઓનું આમાં કામ નથી જ. છેલ્લા કેટલાક સમયથી આ પરિષદનાં અધિવેશન કે જ્ઞાનસત્રો 'કલાસરૂમ લેકચર્સ' બની રહ્યાં છે ! કહેવાયેલું કહ્યા કરવાનો શો અર્થ ?

૩. આ પૂર્વે નોંધ્યું તેમ સૌરાષ્ટ્ર પુરાતત્ત્વની દૃષ્ટિએ અતિ-સમૃદ્ધ છે. છેક આદિમાનવથી હડપ્પીય ક્ષત્રપ-ગુપ્ત વ.સમયની સંસ્કૃતિની પુરાતત્ત્વીય સામગ્રી ઠેર-ઠેર ધરબાયેલી પડી છે. જરૂર છે માત્ર એના અન્વેશકોની જો સંશોધન કરવામાં આવે તો હડપ્પીય અને ક્ષત્રપ સમયની વસાહતો મોટા પ્રમાણમાં મળી આવે એમ છે. ખાસ તો ક્ષત્રપકાલીન સંશોધનની જરૂર છે, કેમકે હડપ્પીય સમય વિશે તો સંશોધન-ઉત્ખનન થયેલ છે એટલા પ્રમાણમાં ક્ષત્રપ સમય ધ્યાનમાં લેવાયેલ નથી. આ અંગે પરિષદ સ્થલતપાસ કરાવી પુરાતત્ત્વ ખાતાની મદદ લે તો ઘણું કામ થઈ શકે એમ છે. આ લેખકે લગભગ ૫૦ જેટલા આવા ટીંબાઓ પ્રકાશમાં આણ્યા છે.

૪. સૌરાષ્ટ્રના રાજપૂતો અને એનાં રાજ્યો વિશે તો ઘણું સંશોધન થયેલ છે, પણ સૌરાષ્ટ્રની આવી જ એક મહત્ત્વની જાતિ 'કાઠી' વિશે જે કામ થવું જોઈએ તે થયેલ નથી, જે કંઈ થયેલ છે તે માત્ર અંગ્રેજોએ જે કંઈ કરેલ તેને કેન્દ્રમાં રાખીને જ થયું છે કે થાય છે. કોઈ ભૂતપૂર્વ કાઠી રાજ્યે અથવા તો ખાસ તો સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા આ અંગે વિસ્તૃત આયોજન કરી અભ્યાસ-સંશોધન થાય એ ઈચ્છનીય છે. પરિષદ પણ આમાં ઘણી મદદ કરી શકે.અહીં એક વાત નોંધવી રહી કે ભૂતકાળમાં કેટલાંક કાઠી સંસ્થાનોએ આ અંગે અવશ્ય કામ કરાવેલ (જેમકે જસદણ, વડિયા વગેરે), પણ એમાં ઇતિહાસ કરતાં પ્રશસ્તિ વધુ હોય એમ લાગે છે. અલબત્ત, એને નજર-અંદાઝ તો ન કરી શકાય એમ નથી જ. આ જ રીતે સૌરાષ્ટ્રની માલધારી જાતિઓનું પણ સંશોધન થવું એટલું જ આવશ્યક છે.

(અનુસંધાન પૃષ્ઠ ૩ નીચે)



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કાઠી સંસ્થાનો ('સ્ટેટો') :

દ. શ્રી ભોજવાળા

સૌરાષ્ટ્રમાં ઈ.સ. ઓગણીસસો પાંત્રીસની સાલમાં રાજકીય દૃષ્ટિએ કેવી સ્થિતિ હતી એના નમૂનારૂપ બધાંનું નહિ, પરંતુ માત્ર કાઠી સંસ્થાનો પૂરતું નિર્દેશન કરું છુ, કારણ કે વિસ્તારભયે આપી શકાય એમ નથી.

કાઠી સંસ્થાનોમાં ભાયા-ભાગની પ્રથા હતી, (છેલ્લે મોટા કાઠી સંસ્થાનોએ અને ઘણાં ખરાં નાનાં સંસ્થાનાએ, પણ ટિલાત-ફટાયા ધારો દાખલ કરેલો), તેથી સંસ્થાનો નાનાં બની જતાં, જેનો ઈન્ડિયન રૂલિંગ પ્રિન્સીસ' જોવાથી ખ્યાલ આવશે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) જેતપુર ભાગદારો રાજ્ય | ૧૭ | ક્ષેત્રફળ | ૫૯૦ ચો. માઈલ | આવક | ૧૩,૭૯,૦૦૦ |
| (૨) બગસરા ભાગદારો રાજ્ય | ૩ | ક્ષેત્રફળ | ૦૫૮ ચો.માઈલ | આવક | ૧,૬૦,૦૦૦ |
| (૩) કોટડા પીઠા ભાગદારો | ૧ | ક્ષેત્રફળ | ૨૫ ચો.માઈલ | આવક | ૧૨,૦૦૦ |
| (૪) ખાચર સંસ્થાન | ૩ | ક્ષેત્રફળ | ૩૭૮ ચો.માઈલ | આવક | ૫,૨૮,૦૦૦ |
| (૫) કોટીલા સંસ્થાન | ૧ | ક્ષેત્રફળ | ૨૩ ચો.માઈલ | આવક | ૨૪,૦૦૦ |
| | ૨૫ | | ૧૦૭૪ | | ૨૧,૦૩,૦૦૦ |

એમાં પણ જો પ્રજાલક્ષી સારો વહીવટ આપે તો એઓની સત્તા વધારી દેવામાં આવતી હતી.

છેલ્લી પરિસ્થિતિ પ્રમાણે સૂર્યપ્રતાપગઢ અને અનીડા એમ બે સંસ્થાનો બનેલાં, જે દ.શ્રી પૂંજાવાળાના બે દીકરાઓ વચ્ચે વહેંચણી થતાં ૧૯૩૫ બાદ બલેલાં તેમજ દ.શ્રી રામહરસૂરના સંસ્થાનનો વારસો એમનો નિર્વંશ જતાં દ.શ્રી રામમૂળુને મળેલો.

એવું પણ બનતું કે રાજા એક જ હોય છતાં એનાં બે સંસ્થાન હોય તેથી અધિકારો પણ જુદા જુદા હોય, એ બીલખાના દ. શ્રી રાવતવાળાની બાબતમાં બનેલું, જે સાથેનું કોષ્ઠક જોવાથી જણાશે.

છેલ્લે સાંભળવા મુજબ ડાંગાવદરને ૨૦૦૦ દંડ કરવાની, છ માસની સજા કરવાની અને રૂા. ૫૦૦૦ હજારનો દાવો સાંભળવાની સત્તા મળેલી,પરંતુ એ ૧૯૩૫ બાદ બનેલું હોઈ 'રૂલિંગ પ્રિન્સીસ'માં નથી.

સાથેના પત્રક મુજબ નં. ૧,૨,૩,૪,૫,૬,૮,૧૧,૧૨,૧૩,૧૪,૧૫,૧૯,૨૦,૨૧,૨૨ આ જેતપુર ભાગદારો છે અને એઓ દસમી પેઢીએ એક થાય છે તેમજ નં.૭,૯,૧૦ બગસરા ભાગદારો છે અને તેઓ તથા જેતપુર ભાગદારો બારમી પેઢીએ એક થાય છે. કોટડા ભાગદારો અગિયારમી પેઢીએ એક થાય છે.

નં. ૨૩, ૨૪,૨૫ ખાચર સંસ્થાનો હતાં. માત્ર ડેડાણ એક જ કોટીલા સંસ્થાન હતું. થુંબાળા સૌરાષ્ટ્રમાં પાચમાં વર્ગનાં રજવાડાંઓમાં પહેલો દરજ્જો ભોગવતું.

ચૂડા (સોરઠ)- તા. ભેસાણ, - ૩૬૨૦૨૦



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ધી રૂલિંગ પ્રિન્સીસ ચીફ એન્ડ લીડિંગ પસેન્સ ઇન ધી વેસ્ટર્ન ઇન્ડિયા સ્ટેટ્સ એજન્સીના ઈ.સ. ૧૯૩૫ મુજબનાં કાઠી રાજ્યો

| રાજ્ય | રાજા | રાજ્યની આવક રૂ. | - કાયમી અધિકાર (વંશપરંપરાગત) | | | રાજાને મળેલો જાતપૂરતો અધિકાર ( હયાતી સુધી) | | | રાજ્યનું ક્ષેત્રફળ ચો. મા. | હેડક્વાર્ટર | રિમાર્ક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સજા કરવાની | દંડ કરવા-ની સત્તા | દાવો સંભળા-વાની સત્તા | સજા કરવા-ની સત્તા | દંડ કરવા-ની સત્તા | દાવો સાંભ-ળવાની સત્તા | | | |
| ૧. થાવાદેવડી (અમરનાથ) | દ.શ્રી અમરાવાળા | ૩૦૦૦૦૦ | સાત વર્ષ | ૧૦૦૦૦ | ૨૦૦૦૦ | સંપૂર્ણ | સંપૂર્ણ | સંપૂર્ણ | ૧૧૭/૩૨ | | |
| ૨.વડિયા | દ.શ્રી સુરગવાળા | ૨૦૦૦૦૦ | ત્રણ વર્ષ | ૫૦૦૦ | ૧૦૦૦૦ | સાત વર્ષ | ૧૦૦૦૦ | ૨૦૦૦૦ | ૭૬ | — | — |
| ૩. જેતપુર | દ.શ્રી મૂળુવાળા | ૨,૫૦,૦૦૦ | ત્રણ વર્ષ | ૫૦૦૦ | ૧૦૦૦૦ | — | — | — | ૧૦૨ | પીઠડીસા બન્યું | ૧૯૩૫ બાદ ક્યારે ?) જેપુર સ્ટેટ |
| ૪.બીલખા | દ.શ્રી રાવતવાળા | ૨૦૦૦૦૦ | ત્રણ વર્ષ | ૫૦૦૦૦ | ૧૦૦૦૦ | — | — | — | ૭૨ | | દ.શ્રી.કાંથડવાળાસાહેબનો વારસો મળેલ તે |
| ૫.શુંબાળા | દ.શ્રી ભાભાવાળા | ૪૦૦૦૦ | બે વર્ષ | ૨૦૦૦ | ૫૦૦૦ | — | — | — | ૧૪ | | દ.શ્રી.મંથડવાલા સાહેબનો વારસો મળે ત તે |
| ૬.બીલખા | દ.શ્રી રાવતવાળા | ૨૫૦૦૦ | બે વર્ષ | ૨૦૦૦ | ૫૦૦૦ | ત્રણ વર્ષ | ૫૦૦૦ | ૧૦,૦૦૦ | સર્વે થયેલ સરથી | | આલાવાળા ગ્રૂપ નં.જમાં બતાવેલા રૂબરૂ સા. જ હતા. |
| ૭.હડાળા બગસરા | દ.શ્રી વાજસુરવાળા | ૬૦૦૦૦ | બે વર્ષ | ૨૦૦૦ | ૫૦૦૦ | — | — | — | ૨૫ | — | — |
| ૮.બરવળા | દ.શ્રી ભાણદેશા | ૧૦૦૦૦૦ | બે વર્ષ | ૨૦૦૦ | ૫૦૦૦ | — | — | — | ૨૫ | | |
| ૯.બગસરા | દ.શ્રી રામહુરસૂર | ૭૦૦૦૦ | ત્રણ માસ | ૨૦૦ | ૫૦૦ | — | — | — | ૨૦ | — | |
| ૧૦.બગસરા | દ.શ્રી રામમુળુ | ૩૦૦૦૦ | ત્રણ માસ | ૨૦૦ | ૫૦૦ | બેવર્ષ | ૨૦૦૦ | ૫૦૦૦ | ૧૩ | | |
| ૧૧. અનીડા | દ.શ્રી પૂંજાવાળા | ૭૦૦૦૦ | ત્રણ માસ | ૨૦૦ | ૫૦૦ | — | — | — | ૨૦ | અનીડા | |
| ૧૨.ચાંપરાજપુર | દ.શ્રી ચાંપરાજવાળા | ૧૦૦૦૦ | ત્રણ માસ | ૨૦૦ | ૫૦૦ | — | — | | ૩૯ | ૩ | |
| ૧૩.ચિતળ | દ.શ્રી ઉનળવાળા | ૧૫૦૦ | ત્રણ માસ | ૨૦૦ | ૫૦૦ | - | - | - | ૧૨ | — | |

For Private and Personal Use Only

| રાજ્ય | રાજા | રાજ્યની આવક | કાયમી અધિકાર (વંશપરંપરાગત) | | | રાજાને મળેલો જાતપૂરતો અધિકાર ( હયાતી સુધી) ચોરસમાઈલ | | | ક્ષેત્રફળ ચો.માઈલમાં | હેડક્વાટર | રીમાર્ક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સજા કરવાની | દંડકરવા સત્તા | દાવોસંભળાવાની સત્તા | સજા કરવાની સત્તા | દંડ કરવાની સત્તા | દાવો સાંભળાવાની સત્તા | | | |
| ૧૪.સનાળા | દ.શ્રી ગીગા હીવા | ૨૦૦૦૦ | ત્રણ માસ | ૨૦૦ | ૫૦૦ | - | - | - | | ૭ | |
| ૧૫.ભાયાવદર | દ.શ્રી ભાયાનજી | ૨૦૦૦૦ | ત્રણ માસ | ૨૦૦ | ૫૦૦ | - | - | - | ૧૧ | | |
| ૧૬.માનપુર | દ.શ્રી માણસીયા વાળા | ૨૪૦૦૦ | ત્રણ માસ | ૨૦૦ | ૫૦૦ | - | - | - | ૧૧ | - | |
| ૧૭.માયાયાદર | દ.શ્રી દેશાનાગ | ૨૦૦૦૦ | ત્રણ માસ | ૨૦૦ | ૫૦૦ | - | - | - | ૯ા | | |
| ૧૮ કોટડાપીઠા મજમૂ તાલુકા | મજમુભાગ દારો | ૮૦૦૦ | ત્રણ માસ | ૨૦૦ | ૫૦૦ | - | - | - | ૨૫ | | |
| ૧૯ ખિજડિયા (હનુમાન) | દ.શ્રી વાલેરાવાળા | ૪૦૦૦૦ | ત્રણ માસ | ૨૦૦ | ૫૦૦ | - | - | - | ૨૩ા | - | |
| ૨૦.આલીધ્રા | દ.શ્રી અમરાવાળા | ૪૦૦૦૦ | - | ત્રણ માસ | ૨૦૦ | ૫૦૦ | - | - | ૨૩ા | | |
| ૨૧.ડાંગાવદર | દ.શ્રી એભલવાળા | ૧૫૦૦૦ | - | ત્રણ માસ | ૨૦૦ | ૫૦૦ | - | - | ૭ | સાંળથળી | |
| ૨૨.હરસુરપુર | દ.શ્રી હરસુરવાળા | ૨૦૦૦૦ | - | ત્રણ માસ | ૨૦૦ | ૫૦૦ | - | - | ૭ | | |
| ૨૩.જસદણ | દ.શ્રી. આલાખાચર | ૫૦૦૦૦૦ | - | સં.સત્તા | સં.સત્તા | સ.સત્તા | - | - | ૨૮૭ | | |
| ૨૪.આણંદપુર | દ.શ્રી | ૧૨૦૦૦ | - | ત્રણ માસ | ૨૦૦ | ૫૦૦ | - | - | ૨૫ | | |
| ૨૫.આણંદપુર | દ.શ્રી ખાચર | ૧૬૦૦૦ | - | ત્રણ માસ | ૨૦૦ | ૫૦૦ | - | | ૭૦ | | |
| ૨૬. ડેડાણ | દ.શ્રી.ઊનડ ભાણકોટીલા | ૧૨૦૦૦ | - | ત્રણ માસ | ૨૦૦ | ૫૦૦ | - | - | ૨૩ | | |

# ઝીંઝુવાડાના ઝાલાઓ

*શ્રી બલવંતસિંહજી બી. ઝાલા*

ઝીંઝુવાડા એ ઝાલાવાડ જિલ્લામાં પાટડી તાલુકામાં આવેલ છે. રાજ હરપાલદેવજીની ૧૭ મી પેઢીએ રાજ રણમલજી થયા. એમના મોટા કુંવર છત્રસાલજી (શત્રુશલ્ય), (૨) સોડસાલજી, (૩) વનવીરજી એ પ્રમાણેના ત્રણ કુંવરો હતા.શત્રુશલ્યજી સને ૧૪૦૮ થી ૧૪૨૦ પાટડી અને બાદ માંડલની ગાદીએ બેઠા. સોડસાલજીને પાટડી નજીકનાં ૧૨ ગામ મળેલાં અને વનવીરજીને પણ ૧૨ ગામ ગિરાસમાં મળેલાં.

આ વખતે મુસલમાનોનું ખૂબ જોર હતું, જ્યારે રાજપૂતો વેરવિખેર હતા. છત્રસાલજીએ એ સમયે સંઘની રચના કરેલી અને ઈડર ચાંપાનેર. જૂનાગઢ જેવાં મોટાં રાજ્યોને ભેગાં કરેલાં તથા મુસ્લિમો સામે લડત આપેલી. એવામાં ઝીંઝુવાડા પણ પાટણના સૂબેદારના કબજામાં હતું અને પાટણથી હિન્દુમાંથી મુસ્લિમ થયેલ એક ફોજદાર હકૂમત કરવા ઝીંઝુવાડા આવેલ તેણે રાજરાજેશ્વરી માતાના મંદિરમાં ગાય મારી મંદિરમાં રક્તનો છંટકાવ કર્યો. કહેવાય છે કે તેથી માતાજીએ વનવીરજીને સ્વપ્નમાં ઝીંઝુવાડા ઉપર ચડાઈ કરવા આદેશ આપ્યો અને રાજ વનવીરજીએ છત્રસાલજી કે જેઓ મોટા ભાઈ અને પાટડીના મહારાજ હોઈ એમના આદેશથી ઝીંઝુવાડા ઉપર સંવત ૧૪૬૪(ઈ.સ. ૧૪૦૮) વૈશાખ વદિ આઠમ ને બુધવારે ઝીંઝુવાડા સર કર્યું. જે મુસલમાનો સામા થયા તેમને કાપી નાખવામાં આવ્યા અને ત્યારથી ઝીંઝુવાડા મુસલમાની હકૂમતથી મુક્ત થયું. ઝીંઝુવાડાને ૧૨ ગામ હતાં અને ત્યારથી ઝીંઝુવાડાને એક નાનો તાલુકો ગણવામાં આવતો હતો. પછી તો ઘણી ઊથલપાથલ થઈ ગઈ,પરંતુ હિંદને આઝાદી મળી ત્યાંસુધી ઝીંઝુવાડાના ઝાલાઓએ એ કબજે રાખ્યું હતુ.

ઝીંઝુવાડાથી દક્ષિણે ત્રણેક કિલો મીટર દૂર 'ઝીલકેશ્વર કુંડ" આવેલ છે ત્યાં કુંડમાં ભાદરવા માસમાં સરસ્વતીનું વહેણ આવે છે એવી માન્યતાને લીધે ત્યાં આજુબાજુમાંથી હજારો માણસો સ્નાનવિધિ કરવા આવતાં. આ કુંડ ૪૦૦ ફૂટની લંબાઈનો અને ૨૪૦ ફૂટની પહોળાઈનો છે. આ કુંડ પથ્થરની શિલાઓથી બાંધેલો છે. કુંડમાં બારે માસ પાણી ભરેલું રહેતું અને પાણી ઊભરાઈને કચ્છના નાના રણમાં જઈ સમાઈ જતું. કુંડ કચ્છના નાના રણમાં આવેલ છે, પરંતુ ત્રીસેક વરસથી એમાં પાણી આવતું બંધ થઈ જતાં હાલ એમાં પાણી રહેતું નથી. એ સુકાઈ ગયેલ છે, પરંતુ ચોમાસામાં પાણી આવતાં કુંડ ભરાઈ જાય છે. કુંડની એક ભાગની દીવાલ તૂટી જતાં ગામના ભાઈઓએ કુંડમાંથી માટી કાઢવાનું કામ શરૂ કરાવેલું, પરંતુ ઘણી ઊંડાઈ હોવાથી પૂરતું કામ થઈ શકેલું નહિ, પરંતુ એમાંથી એક શિલાલેખ મળેલ, જે શિલાલેખની બે ચાર ભાઈઓને ખબર પડતાં એ પુરાતત્વ ખાતાને મોકલી આપવામાં આવેલ છે. ત્રણ ચાર વરસથી એઓએ કાંઈ તજવીજ નહિ કરતાં મેં પ્રાંગધ્રા રાજસાહેબ શ્રી મેઘરાજજીને જણાવતાં એઓએ જાતે રસ લઈ કામ આગળ ચલાવવા જણાવતાં એની ફોટોપ્રિન્ટ મેળવી 'પથિક'ને મોકલવામાં આવી, જે લેખ 'પથિક'માં આ પૂર્વે વિગતવાર છપાયો છે. ઝીંઝુવાડાનો કિલ્લો પાટણના સોલંકી મહારાજા સિદ્ધરાજ જયસિંહદેવે પોતાના રાજઅમલ દરમ્યાન બંધાવેલ છે. અમારું ગામ રણના કાંઠે આવેલું હોવાથી પહેલાંના સમયમાં મુસ્લિમોનાં ધાડાં રણમાં થઈ પ્રથમ અમારા ગામે આવતાં તેથી એનું રક્ષણ કરવા સરહદી કિલ્લો પાંચ-છ ફૂટની શિલાઓથી બાંધવામાં આવેલ હતો. કળાકારીગરીમાં એની કોઈ જોડ મળી શકે એમ નથી. આખા કચ્છ સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં આવો બેનમૂન કિલ્લો કોઈ સ્થળે જાણવામાં નથી. કિલ્લાને ચાર દરવાજા છે અને એની ઊંચાઈ લગભગ ૫૦ ફૂટની છે. કિલ્લો સં.૧૧૬૫ ના માઘ વદિ ચોથ ને રવિવારે બંધાવો પૂરો થયો. કિલ્લાની દીવાલ ઉપર આખી ટ્રક હરી ફરી શકે એટલી પહોળાઈનો માર્ગ છે. જોકે અત્યારે ગઢની મોટા ભાગની દીવાલો પડી ગયેલ છે, પરંતુ અમુક દીવાલ હજુ એની સાક્ષી પૂરવા ઊભી છે. દરવાજા ચારે ચાર હજું અકબંધ ઊભા છે.

ઠે. ૨, દાઉદી પ્લોટ, 'ગુરુકૃપા', મોરબી-૩૬૩૬૪૧



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જયેષ્ઠીમલ્લોનાં કુળદેવી લિંબની માતા

શ્રી પ્રમોદ જેઠી

ગુજરાત રાજ્યમાં મહેસાણા જિલ્લામાં પાટણથી ૧૦ માઈલ તેમજ મોઢેરાથી ૭ માઈલ દેલમાલ આવેલું છે. ગુજરાત રાજસ્થાન કચ્છ સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ભારતમાં વસતા જયેષ્ઠીમલ્લોનાં કુળદેવી મા લિંબજાનું આ સ્થાન છે. આ દેલમાલ ગામ એક સમયે દેવનગર તરીકે જાણીતું હતું અને સાત પરાંમાં વસેલું હતું. એક કવિએ એની કાવ્યની સ્તુતિમાં "નવખંડના તેડાવ્યા મલ્લ, આઈ, સાતે પાડા સહવાસે વસ્યા રે" એમ ગાયું છે, જે સિદ્ધ કરે છે કે દેલમાલ એક સમયે અતિ મહત્ત્વનું નગર હશે. આજ પણ દેલમાલ ગામમાં ચારે બાજુ દેવમંદિરો તથા ખંડિત શિલ્પો વેરવિખેર થયેલાં જોવા મળે છે.

દેલમાલ ગામની વચ્ચે આદ્યશક્તિ મા લિંબજાનું મંદિર આવેલું છે. આ મંદિરમાં જોવા મળતાં શિલ્પો ઉચ્ચ કોટિનાં છે અને ખજુરાહની યાદ અપાવે છે. મંદિરમાં પ્રવેશ કરવાના દ્વાર પાસે કીર્તિતોરણ બાંધેલ છે, જે મોઢેરામાં જોવા મળતા કીર્તિતોરણની આબેહૂબ નકલ છે.

મુખ્ય મંદિરમાં બિરાજેલ શ્રીલિંબજા માતાજીની મૂર્તિને ચાર હાથ છે અને માથા ઉપર સર્પની ફણા છે. ઉપરના જમણા હાથમાં ત્રિશૂળ અને નીચેનો જમણો હાથ વરદ મુદ્રામાં છે. ઉપરના ડાબા હાથમાં ઘંટ અને નીચેના ડાબા હાથમાં કળશ છે.

દેવીની ડાબી અને જમણી બાજુએ વાઘ અને સિંહ છે. આ જોતાં મા લિંબજાદેવી એ વૈષ્ણવી દેવી નહિ, પણ મા દુર્ગાનું જ સ્વરૂપ છે. મંદિરના સભામંડપમાં સુંદર શિલ્પો કંડારેલાં છે. આ મંદિર ઉત્તરાભિમુખ છે.

મંદિરની પરશાળમાં પાછળની બાજુએ નૈૠત્ય ખૂણામાં "લક્ષ્મીનારાયણ"નું મંદિર, અગ્નિખૂણામાં "સૂર્યનારાયણ"નું મંદિર,પૂર્વ તરફ "પાર્શ્વનાથ"નું મંદિર, વાયવ્યખૂણા તરફ "બ્રહ્મા"નું મંદિર આવેલ છે, જ્યારે પશ્ચિમ બાજુ વીર પહેલવાન લાખાજી જેઠીના શરીરનું પ્રમાણ દર્શાવતો કીર્તિસ્તંભ આવેલ છે, આ સ્તંભ પરનું લખાણ વંચાતું નથી.

મંદિરના પ્રવેશદ્વાર આગળ સુંદર મંડપ આવેલ છે. રામનવમી, આષાઢી બીજ, નવરાત્ર જેવા શુભ દિવસોએ અહીં હોમહવન થાય છે.

મંદિરમાં પ્રવેશતાં જ ડાબી બાજુએ ત્રણથી ચાર પાળિયા આવેલ છે, જેમાં સ્ત્રી/પુરુષ ઊભેલાં છે. લખાણ ઘસાઈ ગયેલ છે

દેલમાલ ગામમાં અન્ય દેલમાલિયા હનુમાનજી, પલ્લીમાતા, ગણેશજી, બ્રહ્માણી માતાજી અને કાલકામાતાનાં મંદિરો આવેલ છે.

આ દેલમાલ ગામે દર વર્ષે ચૈત્રી સુદિ સાતમના દિવસે પલ્લી(પલ્લવી)માનો રથ નીકળે છે. આ પ્રસંગે રાજસ્થાન (કોટા-ઉદેપુર) વડોદરા ભૂજ-કચ્છ અમદાવાદ પાટણ ઊંઝા જામનગર વગેરેથી જયેષ્ઠીમલ્લો ભેગા થાય છે. માતાજીના રથનું સંચાલન જયેષ્ઠીમલ્લો જ કરે છે, જેની તૈયારી માટે જયેષ્ઠીમલ્લોનાં દસ ગોત્રને અલગ અલગ કર (હક્ક) આપવામાં આવ્યા છે. ઠાકરિયા શાખા રથ ઉપર ઊભીને ચોખાના બોકડા બનાવી રથ પસાર થાય ત્યારે ચારે બાજુ ઉડાડે, બામણિયા શાખા બળદની ધૂંસરી પર બેસે, અંકડાંત હવન કરાવે, મારુ ગાડા પર લાકડાની માંડણી કરે, ધૂપા ચેરાત ધૂપ કરે, રંગા ચેરાત માતાજીની છડી પોકારે, આ રીતનું આયોજન પારંપારિક રીતે નક્કી થયેલું છે. બળદ ધૂંસરીમાં વગર જોતરે જોડાય અને દોડતા દોડતા માતા પલ્લીમાના મંદિરે પહોંચે, વચ્ચે ૬૪ જોગણીઓ આ દેવીરથ પર સવાર થાય છે, જે વખતે ગમે તેવા બબુકા બળદ હોય તો પણ એની ગતિ ધીમી પડી જાય છે.

(અનુસંધાન પૃષ્ઠ ૧૯ નીચે ચાલુ)



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતની સૌપ્રથમ સ્ત્રી અધ્યાપન પાઠશાળા : મહાલક્ષ્મી ફિમેલ ટ્રેનિંગ કોલેજ

ડૉ. મકરન્દ મહેતા, ડૉ. શિરીન મહેતા

**પ્રસ્તાવના :** જેના નામથી ૧૯ મી સદીમાં અમદાવાદમાં ગુજરાતની સૌપ્રથમ સ્ત્રી અધ્યાપન પાઠશાળા સ્થાપાઈ હતી તે તો આજે ફૂલીફાલીને વિશાળ વટવૃક્ષ-સમાન બની છે,પરંતુ મહાલક્ષ્મી(૧૮૫૯-૧૮૮૨) વિશે આપણી જાણકારી નહિવત્ છે તેથી આ સંક્ષિપ્ત લેખ દ્વારા મહાલક્ષ્મી તથા કોલેજ વિશે ચર્ચા કરવામાં આવી છે.

**મહાલક્ષ્મીનો જમાનો :** મહાલક્ષ્મીનો સમય કન્યાકેળવણીની સમસ્યાઓનો હતો ૧૮૫૦ માં હરકોર શેઠાણી અને મગનભાઈ કરમચંદે બે કન્યાશાળાઓ તો સ્થાપી, પણ "ભણવાથી છોડી બગડી જાય" એમ માનીને મોટા ભાગનાં માબાપ એને શાળામાં મોકલતાં અચકાતાં.[1] ૧૮૫૭ માં સ્થપાયેલી "મેલ ટ્રેનિંગ કોલેજ"માં તૈયાર થયેલા મહેતાજીઓ "પુરુષ જાતિ"નાં હોવાથી એમનામાં વાલીઓને વિશ્વાસ નહોતો.

આવા સંજોગોમાં કુમારી મેરી કાર્પેન્ટર નામનાં ઈંગ્લેન્ડનાં શિક્ષણશાસ્ત્રીએ ૧૮૬૬ માં અમદાવાદની મુલાકાત લીધી. એમની સાથે હરકોર શેઠાણી, પાર્વતીકુંવર, સમરથબહેન, આલીબહેન ખરશેદજી, મહીપતરામ રૂપરામ અને ભોળાનાથ સારાભાઈ જેવાં સમાજસુધારકો તથા નગરશેઠ પ્રેમાભાઈ હીમાભાઈ, બેચરદાસ લશ્કરી, રણછોડલાલ છોટાલાલ તથા મગનભાઈ કરમચંદ જેવા દાનવીર વેપારીઓ ચર્ચાવિચારણા કરી સૌ એવા નિર્ણયપર આવ્યાં કે કન્યાકેળવણીના વિકાસ માટે શિક્ષિકાઓ તૈયાર કરવી જરૂરી છે.[2]

**મહાલક્ષ્મી ફિમેલ ટ્રેનિંગ કોલેજ :** આ ચર્ચાને પરિણામે અમદાવાદીઓએ સૌપ્રથમ ૧૮૭૧ માં "ફિમેલ નૉર્મલ સ્કૂલ" શરૂ કરી એના ત્રણ વર્ષ બાદ ૧૮૭૪ માં સુપ્રસિદ્ધ ઉદ્યોગપતિ અને સમાજસુધારક બેચરદાસ લશ્કરીએ(૧૮૮૧-૧૮૮૯) દાન આપતાં રાયખડમાં ખમાસા ગેટ પાસે ઉપર્યુક્ત સંસ્થાની સુંદર ઈમારત અસ્તિત્વમાં આવી.[3] સંસ્થાએ નવું નામ ધારણ કર્યું "મહાલક્ષ્મી ફિમેલ ટ્રેનિંગ કોલેજ." મહાલક્ષ્મી બેચરદાસનાં પુત્રી હતાં.

**મહાલક્ષ્મીની કરુણ દાસ્તાન :** એમના પિતા બેચરદાસ કણબી જ્ઞાતિના હતા. રણછોડલાલ બાદ અમદાવાદમાં બીજી મિલ સ્થાપનાર (૧૮૬૭) એઓ સમાજસુધારક, પણ પુત્રપ્રાપ્તિની ઝંખનાને લીધે એમણે પાંચ પત્નીઓ કરી હતી ! પાછળથી એમને ત્રણ પુત્રો પ્રાપ્ત થયા, પરંતુ એમનું પ્રથમ સંતાન મહાલક્ષ્મી હતું. એ ત્રણ મહિનાનાં થતાં માતા શિવકોરનું અવસાન થયું. ધનિક પિતાએ એના ઉછેર માટે આયાઓ રાખી,પણ એ તો બાળાને દૂધમાં અફીણ પાઈને કલાકો સુધી સુવાડી દેતી.[3]

માત્ર એક વર્ષની વયે મહાલક્ષ્મીનું ૧૮૬૦ માં લગ્ન થયું. પતિનું નામ હતું ચુનીલાલ વનમાળીદાસ, પણ આ બાળ પતિનું અવસાન થતાં મહાલક્ષ્મી ત્રણ વર્ષની વયે વિધવા થયાં. જ્ઞાતિની પરંપરા અનુસાર એને બીજી વખત "પરણાવ્યાં" એટલે કે નાતરું કર્યું, પણ ફરીથી એ વિધવા થયાં. પિતા હિંમત ન હાર્યા, પણ ફરીથી ત્રીજી વખત એમનું નાતરું ડાહ્યાભાઈ જમનાદાસ નામના પુખ્ત વયના વિધુર સાથે કર્યું !

બેચરદાસ લશ્કરી માયાળુ સ્વભાવના હતા.પુત્રી મહાલક્ષ્મી માટે એમને ઘણી મમતા હતી.વળી એમણે કણબી જ્ઞાતિમાં સુધારા કરવાના ભગીરથ પ્રયાસો કર્યા હતા. બાળકીની હત્યાના ક્રૂર રિવાજ સામે તો એમણે ઝુંબેશ શરૂ કરી હતી, આમ છતાં એમની જ્ઞાતિમાં કુરિવાજોનું એવું તો જોર હતું કે સુધારક હોવા છતાં "બાર વર્ષે એક વખત આવતા બાંધ્યા વિવાહદિન"ના રિવાજોમાં એઓ ડૂબ્યા અને દીકરીને પણ ડુબાડી.

પિતાની આંખ હવે ઊઘડી. બેચરદાસ તંબૂરો સુંદર રીતે વગાડી શકતા. એઓ પુત્રીને સાંત્વન આપવા અવારનવાર ભજનો ગાઈ સંભળાવતા. એમણે જમાઈની સંમતિ મેળવીને અંગ્રેજ શિક્ષિકાઓને મહાલક્ષ્મીના શિક્ષણ માટે બંગલામાં બોલાવવી શરૂ કરી.વિદ્યાભ્યાસ ઉપરાંત એ ભરતગૂંથણ ને ચિત્રકલા શીખ્યાં. બાળલગ્ન



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને રોવાકૂટવાના રિવાજ સામે તો એ જબરો આક્રોશ વ્યક્ત કરતાં અને એ એટલે સુધી કે એમના એક પુત્રને બાળલગ્નની વેદીમાં ચડાવવાનો જ્યારે પ્રસંગ ઊભોથયો ત્યારે એમણે કલ્પાંત કરતાં કહ્યું કે "મારા પુત્રનું લગ્ન મારી ઈચ્છા વિરુદ્ધ થાય છે. મને એમાં સામેલ ન કરશો. મને એકલી પડી રહેવા દો."

પુત્રનું માતાની ઈચ્છા વિરુદ્ધ લગ્ન થયું, પણ માતાની હયાતીમાં જ પુત્ર તેમજ પુત્રવધૂનું અવસાન થયું.

આવા તો અનેક કરુણ પ્રસંગો આ સ્ત્રીના જીવનમાં બન્યા. એ જીરવી ન શક્યા અને ક્ષયનો ભોગ બન્યાં. પિતા અને પતિએ એમની સારવાર કરવામાં કશી જ મણા ન રાખી, આમ છતાં એ દિવસે દિવસે નબળાં પડતાં ગયાં. મૃત્યુનાં બે દિવસ પહેલાં એમની અને પતિ ડાહ્યાભાઈની વચ્ચે થયેલો સંવાદ હૃદયદ્રાવક છે અને નારીવાદી ઇતિહાસકારો (feminist historians) માટે મહત્ત્વનું ભાથું પૂરું પાડે તેવો છે. ડાહ્યાભાઈના શબ્દોમાં :

"તે ભલી બાઈ મારા માટે પહેરવાનાં બૂટ, ગલપટા, ટોપીઓ વગેરે કરી આપતી....બચવાની આશા ન રહેતાં તેની આંખમાં ઝળઝળિયાં આવ્યાં અને મને કહ્યું કે હું તમારી ચાકરી કરી શકી નથી તેથી મને માફ કરજો. મારું હૃદય પણ ભરાઈ આવ્યું. મે તેની સાથે પરલોકની વાતો કરીને કહ્યું કે તું હવે મારામાંથી મન વાળી લઈને ઈશ્વરમાં પરોવ. તેણે કહ્યું કે હુ તેમ જ કરીશ એવું બોલતાંમાં તો આ પવિત્ર નારીની જીભ બંધ થઈ ગઈ અને મારી હાજરીમાં તે ૪ મે, ૧૮૮૧ ના રોજ ઈશ્વરના દરબારમાં પહોંચી ગઈ."

મહાલક્ષ્મી ભરજુવાનીમાં ૨૨મે વર્ષે મૃત્યુ પામ્યાં.

**મહાલક્ષ્મી ફિમેલ કોલેજ :** ઉપર દર્શાવ્યું છે એ મુજબ આ કૉલેજ મહાલક્ષ્મીની હયાતીમાં જ શરૂ થઈ હતી. તા. ૨૧-૮-૧૮૭૪ માં એના ઉદ્‌ઘાટન પ્રસંગે અમદાવાદના કલેકટર એ.એ. બોરોડેલે જાહેર કર્યું હતું એ મુજબ બેચરદાસે રૂ.૧૦,૦૦૦ ની માતબર રકમ કૉલેજની ઈમારત બાંધવા માટે એમના હાથમાં મૂકી હતી. વિધવા પુત્રીને ઘેર ભણાવવા શરૂ શરૂમાં કોઈ શિક્ષિકા પ્રાપ્ત ન થઈ ત્યારે બેચરદાસે કૉલેજ માટે આ દાન કર્યું હતું.

મહાલક્ષ્મી ફિમેલ ટ્રેનિંગ કોલેજ ગુજરાતની પ્રતિષ્ઠિત સંસ્થા હતી. એ સમયે કોલેજની પ્રિન્સિપાલ તરીકે અંગ્રેજ સ્ત્રીઓને નીમવામાં આવતી. કું ચેમ્બરલેન, કું. મીસલ અને કુ. કોલેટ જેવી આચાર્યાઓ ઈંગ્લેન્ડમાં તાલીમ પામી હતી. વળી આ તમામ સ્ત્રીઓ ગુજરાતી પણ શીખી હતી. કોલેટે ૧૮૮૨માં "અંગ્રેજી અને ગુજરાતી ગીતો" નામનો ગ્રંથ રચ્યો હતો. "બુદ્ધિપ્રકાશે" એને વિશે લખ્યું હતું કે ગુજરાતની કન્યાશાળાઓમાં ભણતી બાળાઓ હોંશે હોંશે ગુજરાતી અને અંગ્રેજી ગીતો ગાય છે અને ભણવાની સાથે રમૂજ અનુભવે છે.

મહાલક્ષ્મી ફિ.ટ્રે. કૉલેજમાં ઇતિહાસ ભૂગોળ અને ગણિત ઉપરાંત ભરતગૂંથણ તથા સંગીત શિખવાડવામાં આવતાં એમાં વળી માધ્યમિક શાળા અને "પ્રેક્ટિસિંગ સ્કૂલ"નો ઉમેરો કરવામાં આવ્યો. ગુજરાતનાં સૌપ્રથમ મહિલા ગ્રેજ્યુએટ વિદ્યાબહેન નીલકંઠ અને શારદાબહેન મહેતા આ સંસ્થામાં ભણ્યાં હતાં. એઓ તેમજ યશોદાબાઈ ઠાકુર નામની એક વિધવા યુવતિ આ સંસ્થામાં ભણીને મેટ્રિક પાસ થયાં હતાં. જશોદા કાળીદાસ નામની ખારવા યુવતિ ગરીબ હતી તેને શિષ્યવૃત્તિ આપીને આ કૉલેજમાં ભણાવવામાં આવી હતી.[૯] વળી ગુજરાતનાં સૌપ્રથમ મહિલા નવલકથાકાર ( કૃતિ : સદ્‌ગુણી હેમંતકુમારી, ૧૮૯૯) તો છેક સંતરામપુર જેવા આદિવાસી વિસ્તારમાંથી શિક્ષણશાસ્ત્રની તાલીમ લેવા આ કોલેજમાં આવ્યાં હતાં. અહીં ત્રણ વર્ષનો અભ્યાસ કરીને એઓ સંતરામપુરની કન્યાશાળામાં પાછાં ફર્યાં હતાં. મદદનીશ શિક્ષકમાંથી એમને 'હેડમિસ્ટ્રેસ'તરીકે બઢતી મળી હતી.[૧૦]

**સમાપન :** આ કૉલેજ હવે "મહાલક્ષ્મી સ્ત્રી અધ્યાપન મંદિર" તરીકે ઓળખાય છે. એણે સ્ત્રીશિક્ષણનું ઉમદા કામ કર્યું છે. વિધવાઓ સહિત સેંકડોની સંખ્યામાં નાની મોટી વયની સ્ત્રીઓ એમાં ભણીગણીને પોતાના



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પગ પર ઊભી થતી જોવામાં આવે છે.

જોકે એક બાબત કોઈ પણ સંવેદનશીલ નાગરિકને સાલે તેવી છે. મહાલક્ષ્મીનું બાવલું તો શું એમની એક છબી પણ કૉલેજની દીવાલ ઉપર જોવામાં આવતી નથી. એમનો ફોટોગ્રાફ એમના કુટુંબમાં સચવાયો છે. આ અંગે કાંઈક થાય તો કૉલેજના ઐતિહાસિક મહત્ત્વમાં વધારો થાય એમ છે.

**પાદનોંધો :**


૧. મકરન્દ મહેતા, "ભોમિયા વિન સંઘર્ષયાત્રા ૧૯ મા સૈકાની ત્રણ વિધવાઓનું પાર્શ્વદર્શન,પર્યાય, જાન્યુઆરી-જૂન ૧૯૯૫,પૃ.૧-૧૫

૨. Mary Carpenter, Six Months in India, 2 Vols; vol 1 (london, 1868, pp. 52-55; ગુજરાત શાળાપત્ર, માર્ચ ૧૮૬૭, પૃ. ૭૦-૭૧

૩. બેચરદાસની સર્વાંગી પ્રવૃત્તિઓ માટે જુઓ મંગુભાઈ પટેલ, રાવ બહાદુર બેચરદાસ અંબાઈદાસ લશ્કરી: ગુજરાતના સામાજિક અને ઔદ્યોગિક નેતાના જીવન-વૃત્તાંતનો અભ્યાસ (અમદાવાદ, ૧૯૮૮)

૪. ડાહ્યાભાઈ જમનાદાસ, મહાલક્ષ્મીનું ટૂંકુ જીવનચરિત્ર (અમદાવાદ, ૧૮૮૨)

૫. એંજન

૬. બુદ્ધિપ્રકાશ, સપ્ટેમ્બર, ૧૮૭૪

૭. બુદ્ધિપ્રકાશ, ઑગસ્ટ, ૧૮૮૩

૯. શારદાબહેન મહેતા, જીવન સંભારણું, (બીજી આવૃત્તિ, અમદાવાદ, ૧૯૮૩) પૃ. ૧૨-૧૩; પ્રથમ આવૃત્તિ, ૧૯૩૮

૧૦. મકરન્દ મહેતા અને શિરીન મહેતા, "કૃષ્ણાગૌરી રાવળ", કુમાર, જુલાઈ ૧૯૯૫,પૃ. ૩૦૦-૩૦૫


**(અનુસંધાન પૃષ્ઠ ૧૩ નું ચાલુ)**

રથમાં જોડાવાનું અને માતાજીના મંદિર સુધી જતા રથની ચાલવાની સ્થિતિ, બળદનું જોડાવવું, હાથમાં રાખેલ જ્યોતની સ્થિતિ વગેરે પરથી આવતા વરસનું ભાવિ જોવાય છે.

સાંજનાં પલ્લીમાના મંદિર પાસે યજ્ઞ પૂરો થતાં રથ વરતિયો થાય છે. આ વખતે હનુમાનજીના મંદિર સુધી જ બળદો જોડાય છે. ત્યાર બાદ બળદની જગ્યાએ લાંબી કતારમાં માણસો રથને ખેંચીને લિંબજામાના મંદિર સુધી ચલાવે છે. ત્યાં માતાજીનો પ્રસાદ (લોટ, જેને રતન કહે છે) આપવામાં આવે છે, જે જેઠીમલ્લો પૂજામાં રાખે છે.

ઠે.' આયના મહેલ, ભૂજ-૩૭૦૦૦૧.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir






મુદ્રક પ્રકાશક અને તંત્રી : 'પથિક કાર્યાલય' માટે પ્રો. (ડૉ.) કેશવરામ કા. શાસ્ત્રી, ઠે. મધુવન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ તા. ૧૫-૭-૯૭

મુદ્રણસ્થાન : પ્રેરણા મુદ્રણાલય, રુસ્તમઅલીનો ઢાળ, મિરઝાપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧

પૂઠું : ઈન્ટરનેશનલ પ્રિન્ટિંગ વર્ક્સ, શાહપુર માળીવાડાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧

For Private and Personal Use Only